**દાખલ તારીખ: ૦૧/૧૦/૨૦૨૨**
**રજી. તારીખ : ૦૧/૧૦/૨૦૨૨**
**ફેંસલ તારીખ : ૨૧/૧૨/૨૦૨૨**
**સમયગાળો: વર્ષ માસ દિવસ**
**૦૦ ૦૨ ૨૦**

**બાબરાના મહે.પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ–બાબરા**

**રેગ્યુલર દિવાની મુકદમા નંબર:– ૮૧/૨૦૨૨**
**આંક:–**

નાયબ ઈજનેરશ્રી
પી.જી.વી.સી.એલ.
સબ ડીવીઝન– બાબરા ગ્રામ્ય ,મું.બાબરા ...વાદી

**વિરુધ્ધ**

કિસલા ધીરુભા ઉર્ફે ધીરુભાઈ જીવરાજભાઈ
ઉ.વ.પુખ્ત, ધંધો–મજુરી,
રહે.ખાનપર, તા.બાબરા, જી.અમરેલી
...પ્રતિવાદી

**બાબત:– રૂ. ૨૬,૫૬૧.૦૧ પૈ. વસુલ મેળવવા દાવો...**

<u>**વકીલશ્રીઓ:–**</u>
<u>**વાદીપક્ષે વિ.વ.શ્રી એચ.એમ.સોલંકી**</u>
<u>**પ્રતિવાદીપક્ષે એકતરફી**</u>

**//ચુકાદો//**

૧. વાદી વીજ કંપનીના નાયબ ઈજનેરશ્રીએ હાલના પ્રતિવાદી વીજ કંપનીના ગ્રાહક હોય પ્રતિવાદીએ વીજ વપરાશની વાદી કંપનીની બાકી રકમ વસુલ લેવા માટે હાલનો વિગતવાર દાવો કરેલ છે અને વાદીએ એવી દાદ માગેલ છે કે, પ્રતિવાદી દાવાવાળી રકમ રૂ.૨૬,૫૬૧.૦૧ પૈ. બાકી લેણાં વસુલ થતાં સુધી ૧૮% વ્યાજસહ વસુલ અપાવવા તથા આ દાવાની તમામ ખર્ચ પ્ર

તિવાદીની પાસેથી વસુલ અપાવવા તથા નામ.અદાલતને યોગ્ય લાગે તેવી હરકોઈ દાદ અમો વાદીનાં લાભમાં પ્રતિવાદી વિરુધ્ધ અપાવવા હુકમ કરવા અને તેવું હુકમનામું વાદી કંપનીની તરફેણમાં કરી આપવા તથા તમામ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

૨. હાલના કામે દાવાનો સમન્સ પ્રતિવાદીને મોકલવામાં આવતા આંક–૫ થી સમન્સ બજેલ છે અને તેમછતાં પ્રતિવાદી કે તેમના તર્ફે કોઈ હાજર થયેલ ન હોય કે કોઈ રજુઆત કરેલ ન હોય સબબ કામ પ્રતિવાદી વિરુધ્ધ એક તરફી ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

૩. આ કામે પક્ષકારોના પક્ષ નિવેદન ધ્યાને લઈ આ દાવાના આખરી નિર્ણય માટે આંક– ૬ થી નીચે મુજબના મુદાઓ કાઢેલા છે.

**મુદાઓ:–**

(૧) શું વાદી કંપની પ્રતિવાદી પાસે દાવામાં દર્શાવ્યા મુજબનું લેણું સાબિત કરે છે?

(૨) શું કંપની બોર્ડ માંગ્યા મુજબનું વ્યાજ મેળવવા હકકદાર છે? જો હા તો કેટલા ટકા?

(૩) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૪) શું હુકમ અને હુકમનામું?

૪. ઉપરોકત મુદાઓ પરના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) અંશત:હકારમાં

(૨) અંશત:હકારમાં

(૩) અંશત:હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

૫. આ કામે વાદી તર્ફે પોતાના દાવા તથા હકીકતના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**દસ્તાવેજી પુરાવો:–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૧૦ | પ્રફોર્મા–૧૨ |
| (૨) | ૧૧ | વિજ જોડાણ તપાસણી અહેવાલ |
| (૩) | ૧૨ | સ્થળ પરનું રોજકામ |
| (૪) | ૧૩ | એનેક્ષર–૪ |
| (૫) | ૧૪ | એનેક્ષર–સી |
| (૬) | ૧૫ | પુરવણી બીલ |
| (૭) | ૧૬ | પરિશિષ્ટ–જી |
| (૮) | ૧૭ | રજી.એડી.ની એકનોલેજમેન્ટ |
| (૯) | ૧૮ | ફરીયાદ નોંધવા બાબત |
| (૧૦) | ૧૯ | એફ.આઈ.આર. |
| (૧૧) | ૨૦ | લીગલ કાર્યવાહી અંગેની નોટીસ |
| (૧૨) | ૨૧ | રજી.એડી.ની એકનોલેમેન્ટ |
| (૧૩) | ૨૨ | ડીપીસી કેલકયુલેશન સીટ |
| (૧૪) | ૨૩ | લીગલ કાર્યવાહી પ્રમાણપત્ર |
| (૧૫) | ૨૪ | કેસની હિસ્ટ્રી |
| (૧૬) | ૨૫ | ઓફિસ ઓર્ડર |

**મૌખિક પુરાવો:–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૨૬ | વાદી સાહેદશ્રી નિશારહુસેન શબ્બીરભાઈ તરવાડી , નાયબ ઈજનેરશ્રી |

૬. વાદી તર્ફે આંક– ૨૭ થી કલોઝીંગ પુરશીષ રજુ કરેલ છે. પ્રતિવાદી તર્ફે હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ થયેલ હોય વાદીના વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

## //કારણો//

૭. પ્રતિવાદીને સમન્સ બજી જવા છતાં હાજર નહીં થતા, તેમની સામેનું કામ એકતરફી કરવામાં આવેલ. વાદીએ સોગંદ ઉપર પુરાવો રજુ કરેલ છે અને તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. પુરાવાકીય મુલવણી નીચે મુજબ કરવામાં આવે છે.

**મુદ્દા નં.૧ થી ૩**

(૮) વાદીએ પોતાના દાવાના સમર્થનમાં સોગંદ ઉપરનો પુરાવો રજુ કરી જણાવેલ છે કે, પ્રતિવાદી ખાનપર મુકામે રહે છે અને તેઓ કાયદેસરના વીજ ગ્રાહક નથી. વાદી કંપનીના અધિકારીઓ દ્રારા મરામત અને અવારનવાર સંભવિત પાવરચોરી અટકાવવા ચેકીંગ કરવામાં આવે છે. તા.૧૬/૦૭/૨૦૨૦ ના રોજ બાબરા સબ ડીવીઝન નીચેના ખાનપર ગામના રહેણાંક વિસ્તારમાં વિજજોડાણો ચેક કરતાં પ્રતિવાદીના પ્રતિનિધીની હાજરીમાં, પ્રતિવાદી વીજ કંપનીના ગ્રાહક ન હોવા છતાં પ્રતિવાદીએ તેઓના રહેણાંક મકાનની નજીક આવેલ વિજ કંપનીની હળવા દબાણની વિજ લાઈનના પોલ પર પરથી ૧૫ મીટર પીળા કલરના ટવીન વાયર વડે જોડાણ કરી બિનઅધિકૃત રીતે પાવર લઈને વીજ વપરાશ કરી પાવરચોરી કરતાં હોવાનું માલુમ પડેલ અને સ્થળ પરથી મુદ્દામાલ કબ્જે લીધેલ તથા વીજ જોડાણ તપાસણી અહેવાલ તૈયાર કરી પ્રતિવાદીને સહી કરવાનું કહેતા સહી કરવાનો ઈન્કાર કરેલ અને જે અંગેનો શેરો મારેલ . ત્યારબાદ કંપનીના નિયમો મુજબ આગળની કાર્યવાહી કરેલી. પ્રતિવાદીને ગેરરીતી સબબ પાવરચોરી કરેલ હોય, એનેક્ષર–સી મુજબ થેફ્ટ બીલ આપી પ્રતિવાદીને નોટીસ આપેલ, જે નોટીસ બજી ગયેલ ત્યારબાદ આ પુરવણી બીલની રકમ વાદી કચેરીમાં ભરપાઈ કરવા જણાવેલ, પરંતુ પ્રતિવાદીએ સદરહુ પુરવણી બીલની રકમ ભરપાઈ ન કરતાં તેમના વિરુદ્ધ જી.યુ.વી.એન.એલ. અમરેલી, પો.સ્ટે. સે.ગુ.ર.નં.૬૦૦/૨૦,તા.૧૬/૦૭/૨૦૨૦

ની ફરીયાદ દાખલ કરેલ તથા ત્યારબાદ પ્રતિવાદી દ્રારા પુરવણી બીલની રકમ આજદિન સુધી નહીં ભરતા, લીગલ નોટીસ આપેલ અને જે બજી ગયેલ અને તેમજ છતાં પાવરચોરીની રકમ નહીં ભરતા પ્રતિવાદી વિરુઘ્ધ દાવો દાખલ કરવા અંગેની અમારી હેડ ઓફીસમાંથી મંજુરી મળતા હાલનો દાવો, પુરવણી બીલની રકમ રૂા.૨૨,૩૨૦.૧૮ પૈસા, વિલંબીત ચાર્જની રકમ રૂા.૪,૨૪૦.૮૩ પૈસા મળી કુલ રકમ રૂા.૨૬,૫૬૧.૦૧ પૈસા વસુલ મેળવવાના થાય છે જે રકમ પ્રતિવાદીએ ભરપાઈ કરેલ ન હોય દાવો લાવવા ફરજ પડેલ છે અને પોતાની હકીકતના સમર્થનમાં આંક– ૧૦ થી આંક– ૨૫ સુધીના તમામ દસ્તાવેજો રજુ કરેલ છે. જે તમામ હકીકતોને પ્રતિવાદીએ ખંડન કરેલ નથી કે તેનાથી વિરુઘ્ધનો ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી.જે ન માનવાને કોઈ કારણ રહેતું નથી. તેમજ આ કામે રેકર્ડ ઉપરની હકીકત તથા પુરાવો વંચાણે લેતાં પ્રતિવાદીએ વીજચોરી કરેલ છે અને તેનું પુરવણી બીલ તૈયાર કરવામાં આવેલ છે તે મુજબ રૂા.૨૨,૩૨૦.૧૮ પૈ. વસુલ મેળવવા વીજ કંપનીને અધિકાર પહોંચે છે પરંતુ વાદીને પ્રતિવાદી પાસેથી ડી.પી.સી.ચાર્જ પેટે રૂા.૪,૨૪૦.૮૩ પૈ. ના વસુલ મેળવવા કઈ રીતે હકક પહોંચે છે તે વાદી સ્પષ્ટ કરી શકેલા નથી તેથી વાદી ડી.પી.સી. ની રકમ મેળવવા હકકદાર બનતા નથી તે સંજોગોમા રૂા.૨૨,૩૨૦.૧૮ પૈ. વાદીના પ્રતિવાદી પાસ ે બાકી લેણાં નીકળતા હોવાનું પુરવાર થાય છે. તેમજ વાદીએ આ કામે માગ્યા મુજબનું વ્યાજ મેળવવા હકકદાર થાય છે તેવું સાબિત કરી શકેલ નથી. આમ છતાં, નામ.સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત અન્વયે પ્રવર્તમાન બેન્ક વ્યાજ દર ઘ્યાને લેતાં, વસુલ થતાં સુધી જો વાર્ષિક ૬% લેખે વ્યાજ ચુકવવાનો આદેશ કરવામાં આવશે તો ન્યાયોચિત રહેશે તેમ માનવામાં આવે છે. બાકીની હકીકતો ઘ્યાને લેતાં વાદીએ રજુ કરેલ સોગંદ ઉપરના પુરાવાની હકીકત આંક–૧ ની હકીકતને સમર્થન આપતી હોય, મુદા નં.૧ થી ૩ નો નિર્ણય નિર્ણિત કર્યા મુજબ ઠરાવી મુદા નં.૪ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧) વાદીનો દાવો આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી પ્રતિવાદી પાસેથી દાવા મુજબની વિજ વપરાશની બાકી લેણી રકમ રૂ. ૨૨,૩૨૦.૧૮ પૈ. (અંકે રૂપીયા બાવીસ હજાર ત્રણસો વીસ અને અઢાર પૈસા) પુરાં દાવા દાખલ તારીખથી વસુલ થતાં સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ સાથે ચડયે ચડયુ વસુલ મેળવવા હકકદાર રહેશે.

(૩) વાદીને થયેલ દાવાનો ખર્ચ તેમજ પ્રતિવાદીને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ તારીખ ૨૧ મી, માહે ડીસેમ્બર, સને ૨૦૨૨ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મું. બાબરા
તા.૨૧/૧૨/૨૦૨૨

(સંદિપ ચીમનભાઈ વાઘેલા)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
બાબરા
કોડ નં.જી.જે. ૦૧૫૭૨

S.C.Vaghela
Pri.Civil Judge, Babra